# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




**ચકલાસી પાલિકાએ ભોઈવગાના દબાણ મામલે કુંડલીમાં ગોળ ભાંગ્યાની ચર્ચા**

# ચકલાસી પાલિકાની દબાણ હટાવવાની કામગીરી પર 'દબાણ' આવતા અધૂરી

**પોલીસનો પૂરતો** સહયોગ ન મળ્યો હોવાનો પાલિકાનો બચાવ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24

ચકલાસી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા એક વિસ્તારમાં દબાણ દૂર કરવા પહોંચેલી ટીમે કામગીરી અધૂરી મૂકી પરત ફરવાનો વખત આવ્યો છે. નગરપાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસનો પૂરતો સહયોગ ન મળતા કામગીરી બંધ કરાઈ હતી જો કે, આ વચ્ચે સ્થાનિકોના જણાવ્યા મુજબ દબાણકર્તા ઈસમે જેસીબીની આગળ સુઈ જઈ અને નાટકીય સ્થિતિ ઉભી કરતા પાલિકાની ટીમને પરત ફરવુ પડ્યુ હતુ.



મળતી માહિતી મુજબ ચકલાસીમાં ભોઈવગા પાસેના જાહેર રસ્તા પર વિનુભાઈ મણીભાઈ ભોઈ દ્વારા ગલ્લો અને શેડ બાંધી અને ગેરકાયદેસર રીતે દબાણ કરાયુ હતુ. આ દબાણ દૂર કરવા માટે સ્થાનિકો દ્વારા 2021થી વારંવાર ચકલાસી નગરપાલિકાથી માંડી અને જિલ્લા કલેક્ટર સુધી રજૂઆતો કરાઈ હતી. જેના કારણે આ દબાણ દૂર કરવાનો હુકમ થયો હતો. જેના પગલે આજે ચકલાસી નગરપાલિકા એન્જીનિયર અને દબાણ વિભાગના કર્મચારીઓ સ્થળ પર દબાણ દૂર કરવા પહોંચ્યા હતા. આ સમયે તેમની સાથે પોલીસ પ્રોટેક્શન માટે પોલીસકર્મીઓ પણ હાજર રહ્યા હતા. જો કે, આ કામગીરી શરૂ કરાઈ તે વખતે થોડો વખત દબાણકર્તાએ નગરપાલિકાની ટીમ સાથે રકઝક કરી હતી. તે બાદ દબાણકર્તા વિનુભાઈ ભોઈ દ્વારા દબાણ દૂર કરી રહેલા જેસીબી આગળ સુઈ જઈ અને મરી જવાની ધમકી આપી હતી. આ સમયે પોલીસ પણ સ્થળ પર હાજર હતી, પરંતુ કોઈ જ કાર્યવાહી કે અટકાયતી પગલાં લીધા ન હતા. જેના પગલે નગરપાલિકાની ટીમને દબાણ દૂર કરવાની કામગીરી અટકાવવાની ફરજ પડી હતી. આ અંગે નગરપાલિકા સૂત્રો દ્વારા પોલીસનો પૂરતો સહયોગ ન મળવાના કારણે કામગીરી અધૂરી રહી હોવાનું જણાવ્યુ છે. પરંતુ હવે આ દબાણ દૂર થશે કે કેમ? અને નાગરીકોના હિતમાં કામગીરી થશે કે માત્ર એક વ્યક્તિના ગેરકાયદેસર દબાણને સંરક્ષણ આપવામાં આવશે, તે અંગે અનેક ચર્ચાઓ ઉઠી છે.

**આણંદ જિલ્લામાં દિવાળીનો તહેવાર શરૂ થતાં તસ્કરો સક્રિય થયાં**

# દંતાલી ગામમાં શિક્ષિકાના ઘરમાંથી 1.63 લાખની ચોરી

**રાત્રિના પરિવારજનો** સુઇ ગયાં હતાં અને મધરાતે તસ્કરો ત્રાટક્યાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.24

પેટલાદના દંતાલી ગામમાં રહેતાં શિક્ષિકા પરિવાર સાથે ઘરમાં સુઇ રહ્યાં હતાં, તે દરમિયાન તસ્કરો ત્રાટક્યાં હતાં અને રોકડ સહિત કુલ રૂ.1.63 લાખની મત્તા ચોરી કરી લઇ ગયાં હતાં. આ અંગે પેટલાદ ટાઉન પોલીસે ગુનો નોંધ્યો હતો.

દંતાલી ગામની ગંગા સોસાયટીમાં રાવજીભાઈ પટેલના ઘરમાં દીપકભાઈ બાબુભાઈ પટેલ (ઉ.વ.64) પરિવાર સાથે રહે છે. તેમનો નાનો પુત્ર અર્પણ અમદાવાદની ફાયનાન્સ કંપનીમાં ફરજ બજાવે છે. જ્યારે પુત્રવધુ ભાવીશાબહેન પેટલાદ મહિલા મંડળ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. દરમિયાનમાં 22મી ઓક્ટોબરના રોજ રાત્રિના આશરે સાડા નવેક વાગે દીપકભાઈ સહિત પરિવારજનો જમી પરવારીને પોત - પોતાના રૂમમાં સુઇ ગયાં હતાં. બાદમાં મોડી રાત્રે ત્રણેક વાગે દીપકભાઈ જાગીને જોયું તો હોલમાં રાખેલી તિજોરી ખુલ્લી હતી અને ઘરના હોલના દરવાજાને મારેલું તાળું પણ તુટેલું હતું. આથી, તાત્કાલિક તેમના પુત્ર અને પુત્રવધુને જગાડ્યાં હતાં. તેઓએ તિજોરીનો સામાન તપાસ કરતાં તેમાંથી રોકડા રૂ. 20 હજાર તથા દાગીના મળી કુલ રૂ.1,63 લાખની મત્તાની ચોરી થઇ હોવાનું જણાયું હતું.

આ અંગે દીપકભાઈ પટેલે પેટલાદ ટાઉન પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ આપી હતી. જેમાં 22મી ઓક્ટોબરની રાત્રે 12-30થી 2-45 વાગ્યા દરમિયાન કોઇ પણ સમયે તસ્કરો મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી હોલમાં રાખેલી તિજોરીમાંથી રૂ.1.63 લાખની મત્ત ચોરી કરી ગયા હતા. આ અંગે પેટલાદ ટાઉન પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

આણંદ જિલ્લામાં અચાનક ચોરીના બનાવો વધતાં પોલીસ પણ દોડતી થઇ ગઈ છે.

# ખાનપુર પાસે ટેમ્પા ટક્કરે રાહદારી વૃદ્ધનું કરુણ મોત

**ગ્રામજનોએ ટેમ્પામાં** સવાર વ્યક્તિને પકડી પાડ્યો

(પ્રતિનિધિ) ખાનપુર તા.24

ખાનપુરના લવાના ગામ પાસે પુરપાટ ઝડપે જતા ટેમ્પાએ રસ્તાની સાઈડે ચાલતા વૃદ્ધને ટક્કર મારી સ્થળ પર જ મોત નિપજાવ્યું હતું. આ અંગે બાકોર પોલીસે ટેમ્પા ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

ખાનપુરના લવાણા ગામમાં રહેતા વિક્રમ સાયભાભાઈ ડામોર ખેતી કામ કરે છે. તેઓ 23મી ઓક્ટોબરના રોજ સવારના ઘરે હતાં તે સમયે તેમના પિતા સાયભાભાઈ અમરાભાઈ ડામોર (ઉ.વ.60) બાકોરથી બાબલીયા તરફ જતા રસ્તા પર ચાલતાં હતાં. તે સમયે બાકોર તરફથી એક ટેમ્પો પુરપાટ ઝડપે ધસી આવ્યો હતો અને સાયભાભાઈને ટક્કર ભાગી અકસ્માત સર્જી દીધો હતો. જેમાં સાયભાભાઈનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આથી, વિક્રમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. જ્યાં ટેમ્પા નં.આરજે 12 જીએ 6340 પડ્યો હતો. જ્યારે તેનો ચાલક ભાગી ગયો હતો. આ અંગે આસપાસના તમામ કરતાં ટેમ્પા ચાલક સાથેના શખ્સને લોકોએ પકડી પાડ્યો હતો. જેની પુછપરછ કરતાં તે હાર્દિક ભરત ભોઇ (રહે. રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. જ્યારે ટેમ્પાનો ડ્રાઈવર જયનારાયણ બાબુલાલ મીણી (રહે. બિચ્છીવાડા, ડુંગરપુર, રાજસ્થાન) હોવાનું કબુલ્યું હતું.

ખાનપુર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી અકસ્માતનું પ્રમાણ વધ્યું છે. તેમાંય રાહદારી સાથે અકસ્માતનો વધ્યાં છે.

**ખેડા જિલ્લાના અધિકારીઓની સરપ્રાઇઝ ચેકીંગ દરમિયાન ગેરહાજર કર્મચારી સામે કાર્યવાહી**

# ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગમાં ગેરહાજર રહેતાં 21 કર્મીની બદલી

**નરસંડા પ્રાથમિક** આરોગ્ય કેન્દ્રના જ 5 કર્મચારીનો સમાવેશ

(પ્રતિનિધિ) ખેડા તા.24

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ લાલીયાવાડી ચલાવતા હોવાની ફરિયાદો અનેક વખત ઉઠતી રહે છે. તેમાંય હાલમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિવિધ આરોગ્ય કેન્દ્ર ખાતે વિઝીટ કરવામાં આવી હતી. જેમાં આ પોલ ખુલી પડી હતી. આથી, તાત્કાલિક અસરથી સજાના ભાગરૂપે 21 જેટલા કર્મચારીની બદલી કરવામાં આવી છે. આ કાર્યવાહીના પગલે આરોગ્ય વિભાગમાં હડકંપ મચી ગયો હતો.

ખેડા જિલ્લા પંચાયતના વર્ગ -1ના અધિકારીઓ દ્વારા વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિઝીટ કરવામાં આવી હતી. આ વિઝીટ દરમિયાન કેટલાક કર્મચારીઓ ગેરહાજર જોવા મળ્યાં હતાં. આ અંગે સત્તાવાર રિપોર્ટ કરતાં આરોગ્ય અધિકારીએ 16 જેટલા કર્મચારીની બદલીનો હુકમ કર્યો હતો. જેમાં હેરંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિરલબહેન પરમાર, પીજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ. કે. બૌદ્ધ, સલુણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સતિષ મકવાણા, પીજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના જયદીપ મકવાણા, સલુણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના જયેશ બી. ઠક્કર, સલાણીના જીજ્ઞાસુ એમ. માછી, મહોળેલના વિજય મગનભાઈ સોલંકી, કનીજના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સોનલ જે. પરમાર, વૈભવી ડી. પટેલ, કે. એન. પરમાર, બી.આર. ગોહિલ, સતીષ એ. પટણી, મહોળેલના વૈશાલી પટેલ, કનીજના તેજલ પટેલ, સંધાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના યોગેશકુમાર કરમસિંહ રાઠવા, ચકલાસી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રદીપકુમાર કનુભાઈ પરીખનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત નરસંડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેની સરપ્રાઇઝ ચેકીંગમાં પાંચ કર્મચારી ગેરહાજર જોવા મળ્યાં હતાં. જેમાં ભાવનાબહેન કે. મકવાણા, સંજય કે. ડોડિયા, સચિનકુમાર આર. વાઘેલા, દૃષ્ટિ કે. મકવાણા અને ભુવનેશ્વરી અર્જુનભાઈ ટંડેલનો સમાવેશ થાય છે. આ પાંચેયને તાત્કાલિક અસરથી સજાના ભાગરૂપે બદલી કરવામાં આવી હતી. આ તમામ કર્મચારીઓની બદલી શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે કરવામાં આવી હતી. જેથી બદલી બાદ મળવાપાત્ર કોઇ પણ લાભો ન આપવા પણ તાકીદ કરવામાં આવી હતી.

ખેડા જિલ્લામાં બેવડી ઋતુ દરમિયાન માંદગીના કેસ વધ્યાં છે. બીજી તરફ કર્મચારી ફરજમાં લાલીયાવાડી ચલાવતાં હોવાથી તંત્રએ કડક કાર્યવાહી કરી છે.

# નેનપુરમાં બે પરિવારો નજીવી બાબતે બાખડ્યાં

**ઝઘડાની** અદાવતમાં ફરી મારામારી કરી

(પ્રતિનિધિ)નડિયાદ, તા.24

મહેમદાવાદ તાલુકાના નેનપુર રોહિત વાસ માં રહેતા બે પરિવારો વચ્ચે નજીવી બાબતે ઝઘડો થયો હતો જેમાં બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવી હતી.

મહેમદાવાદ તાલુકાના નેનપુર રોહિત વાસ માં રહેતા દર્શન વિનોદભાઈ પરમાર ટ્યુશન ક્લાસ ચલાવી પરિવારનું જીવન નિર્વાહ કરે છે. દર્શનભાઈ પરમાર તા.૨૩ મીની રાત્રે જમી પરવારી પોતાના બે વિદ્યાર્થીઓને લઈ રોડ ઉપર ફરવા નીકળ્યા હતા. આ દરમિયાન સામેથી મળેલ નરોતમ ઈશ્વરભાઈ પરમાર દર્શન પરમારને તારી મમ્મીને આંગણવાડીની નોકરીમાંથી કઢાવી નાખીશ તેમ કહી ગમે તેમ ગાળો બોલતો હતો જેથી દર્શન પરમારે ગાળો બોલવાની ના પાડતા નરોતમે દર્શનની ફેટ પકડી ગડદાપાટુ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે દર્શન વિનોદભાઈ પરમારની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે નરોતમ ઈશ્વરભાઈ પરમાર સામે ગુનો નોંધ્યો હતો.

સામા પક્ષે નરોતમ ઈશ્વરભાઈ પરમાર પોતે નોકરી પરથી છૂટી નેનપુર ફાટકથી ચાલતા ઘરે જતો હતો ત્યારે રસ્તામાં સામા મળેલ દર્શન વિનોદભાઈ પરમાર,પાર્થ અમૃતભાઈ તેમજ હાર્દિક વિનોદભાઈ પરમારે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી ફેટ પકડી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહેમદાવાદ પોલીસે ત્રણે સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# આણંદના વૃદ્ધા સાથે ઈઝરાયેલના વીઝાના નામે ₹12 લાખની ઠગાઇ

**આણંદના ત્રણોલ** ગામના શખ્સે વૃદ્ધા સાથે વિશ્વાસઘાત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદના પાધરિયા વિસ્તારમાં રહેતા 61 વર્ષિય વૃદ્ધાને ઈઝરાયેલ જવા માટે વિઝા તથા ટીકીટ કરી આપવાનું કહી ત્રણોલના શખ્સે રૂ.12 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે વૃદ્ધાએ આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

આણંદના પાધરીયાની શ્રેયસ સોસાયટીમાં રહેતા પુષ્પાબહેન યાકુબભાઈ પરમાર (ઉ.વ.61)ને ઈઝરાયેલ જવું હોવાથી તેમના કાકી સુહાબહેન મનુભાઈ પરમાર (રહે. પ્રકાશ સોસાયટી, આણંદ) એ દિનેશ વિલ્યમ પરમાર (રહે. બાકરોલ, હાલ ત્રણોલ)નો પરિચય કરાવ્યો હતો. આથી, ઈઝરાયેલ જવા માટે દોઢેક વર્ષ પહેલા પુષ્પાબહેને વિઝા કન્સલ્ટીંગનું કામ કરતાં દિનેશ વિલ્યમ પરમારનો સંપર્ક કર્યો હતો. જેમની વાતચીત બાદ પુષ્પાબહેને તેમનું મકાન શ્રોફની પેઢીમાં 26મી એપ્રિલ, 2023ના રોજ ગીરો મુકી રૂ.12 લાખ લઇ દિનેશ પરમારને આપ્યાં હતાં. જોકે, દિનેશે ઇઝરાયેલ જવા માટે વીઝા કે ટીકીટ કરી આપ્યાં નહતાં અને રૂપિયા પણ પરત આપ્યાં નહતાં. આથી, પુષ્પાબહેને ઉઘરાણી કરતાં ખોટા ખોટા વાયદાઓ કરી તમારા વીઝા થઇ ગયા છે અને કામ નહીં થાય તો રૂપિયા પરત આપી દેવાની બાહેંધરી આપ્યાં કરતાં હતાં. આ ઉપરાંત સલીમ વ્હોરા નોટરી એડવોકેટ રૂબરૂ રૂ.300ના સ્ટેમ્પ પેપર પર બાહેંધરી કરાર પણ લખી આપ્યો હતો. જેમાં 6ઠ્ઠી ઓગષ્ટ, 2024થી દિવસ 40માં પુરેપુરા નાણા ચુકવી આપવાની તથા નાણાં ન ચુકવી આપીયે તો કાયદેસરની કાર્યવાહી કરશો. તેવી બાહેંધરી આપી હતી. જોકે, દિનેશે આ શરતનું પણ પાલન કર્યું નહતું. આખરે આ અંગે આણંદ શહેર પોલીસ મથકે દિનેશ વિલ્યમ પરમાર (રહે. ત્રણોલ) સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પુષ્પાબહેન તેમના નાણા માટે ત્રણોલ ગામે દિનેશ પરમારના ઘરે ગયાં હતાં. આ સમયે દિનેશ સહિત ત્રણ વ્યક્તિ તેમના પર હુમલો કર્યો હતો. આ અંગે પુષ્પાબહેને ખંભોળજ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# લુણાવાડા અને ખાનપુરમાં વીજ ચોરી કરતાં 103ને દંડ

**વિજ કંપનીની** 26 ટીમે લુણાવાડા અને ખાનપુર તાલુકાના કુલ 642 જેટલા વીજ જોડાણ ચેક કર્યા

(પ્રતિનિધિ) સંતરામપુર તા 24

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા દ્વારા મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.. જેમાં કુલ 26 જેટલી વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ 100 જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ છે . તેમાં 15 વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડ્યા હતા. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા 2.06લાખ જેટલું અને લુણાવાડા તાલુકામાં 542 વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં 88 વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડ્યા હતા. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા 15.38 લાખ જેટલું થાય છે.

આમ મહીસાગર જીલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના કુલ 642જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા. વીજ જોડાણમાંથી કુલ 103 જેટલા વીજ જોડાણોમાં ગેરરીતી અટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે. જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા 17.44 લાખ જેટલું થાય છે. આમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અચાનક સરપ્રાઈઝ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવતાં સમગ્ર જીલ્લામાં ફફડાટ વ્યાપી ગયો છે.

**તમિલનાડુની મહિલાના મોત પ્રકરણમાં દૂષ્પ્રેરણની ફરીયાદ નોંધાઇ**

# મંજીપુરામાં 10 તોલાનું મંગલસૂત્ર પડાવવા પાડોશીએ ત્રાસ આપ્યો

**મંજીપુરામાં** પરપ્રાંતિય મહિલાએ નહેરમાં કુદાવી આપઘાત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.24

નડિયાદના મંજીપુરા ગામમાં રહેતી પરિણીતાએ નહેરમાં કુદી આપઘાત કર્યો હતો. આ કેસમાં પોલીસે પડોશી સામે ગુનો નોંધ્યો હતો. જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે.

નડિયાદનામંજીપુરા રોડ પર નારાયણ નગરમાં તમિલનાડુના ચીદંમ્બરમ કલ્લર પત્ની સૌમીયા અને મોટાભાઈ નાગરાજ સાથે રહેતા હતા. સૌમીયા જમવાનું સારૂ બનાવતી હોવાથી સોસાયટીના લોકો તેના સંપર્કમાં રહેતા હતા. જેમાં જયદીપ સોની અને તેમના પત્ની લત્તાબેન સોની ટીફીન વેચી અને ગુજરાન ચલાવતા હતા. આ દરમિયાન તેઓ તમિલનાડુના આ દંપતિ સાથે ઘેરાબો વધાર્યો હતો. જો કે, આ નિકટતાએ તમિલનાડુના દંપતિનું જીવન અસ્ત-વ્યસ્ત કરી નાખ્યુ છે.

ચીદંમ્બરમ દ્વારા નડિયાદ ગ્રામ્ય મથકે નોંધાવાયેલી ફરીયાદ મુજબ પત્ની સૌમીયા ગળામાં સોનાનું 10 તોલાનું મંગળસૂત્ર પહેરતી હતી. જેના વખાણ આ સોની દંપતિ કરતુ હતુ. દરમિયાન 28 સપ્ટેમ્બર, 2024ના રોજ ચીદંમ્બરમ અને તેના ભાઈ નાગરાજ વાસણના વેપારના કામે ગામડાઓમાં ગયા હતા અને ચીદંમ્બરમ મંજીપુરા પોતાના ઘરે પહોંચતા પત્ની હાજર મળી ન હતી. શોધખોળ કરતા પત્નીની ભાળ ન મળતા આ અંગે પોલીસમાં રજૂઆત કરી હતી. 30મી સપ્ટેમ્બરે કરોલી ગામે નહેરમાંથી લાશ મળી હતી અને તે આ સૌમીયાની હતી.

સૌમીયાના આ મૃતદેહમાંથી સોનાનું મંગળસૂત્ર અને એક પગમાંથી છડો ગાયબ હતો. જો કે, સૌમીયાની શોધખોળ દરમિયાન આ સોની દંપતિ ટેન્શનમાં જણાયુ હતુ. તેમજ અગાઉ પોલીસ પૂછપરછમાં ગઈ તે બાદ જયદીપ સોનીએ ચીદંમ્બરમને ખખડાવ્યો હતો. જેથી આ આખી બિનામાં સોની દંપતિ સંકળાયેલુ હોવાની શંકા જતા આ મામલે ચીદંમ્બરમે નડિયાદ ગ્રામ્ય મથકે જયદીપ અને તેની પત્ની લત્તા સામે દૂષ્પ્રેરણનો ગૂનો નોંધાવ્યો છે.

# ડાકોરના અશક્ત આશ્રમમાં 37 વર્ષથી ધાનદાનનું ચાલતું સેવાકાર્ય

**સેવાકીય પ્રવૃતિ માટે** એક વર્ષમાં અંદાજે બે કરોડ કરતાં વધુ રકમનું ધાન દાન

(પ્રતિનિધિ) ડાકોર, તા.24

ડાકોરમાં કાર્યરત અશક્તા આશ્રમ છેલ્લા 37 વર્ષોથી દિવાળી જેવા પર્વની ઉજવણી સહિત વિવિધ વાર તહેવારોની ઉજવણી દરમિયાન ધાન દાનની સેવાકીય પ્રવૃત્તિ કરે છે. દાનની સેવાકીય પ્રવૃતિ માટે અંદાજે બે કરોડ કરતાં વધુ રકમનું ધાન દાન વરસ દરમિયાન કરે છે

આશ્રમ સંચાલકો દ્વારા દર વર્ષે નિયમિત રીતે વાર તહેવારોની ઉજવણી દરમિયાન ગરીબ અને મધ્યમ વર્ગના માણસોના ઘરોની અંદર અશક્ત આશ્રમ ના વડીલો દ્વારા પર્વ ને લઈને દાન પુણ્ય કરવામાં આવે છે. તહેવારોની ઉજવણી ટાણે જરૂરીયાત મંદોના ઘરોમાં ખુશીની કિરણો તેમના બાળકોના હસતા ચહેરા જોઈને વૃદ્ધાશ્રમના વડીલો ખુશીઓ નજરે જોઈ આનંદની લાગણી અનુભવે છે.



યાત્રાધામ ડાકોરમાં આવેલ અશકત આશ્રમ એક ઘરડા ઘર છે જે દરેક સમાજના ગરીબ અને જરૂરીયાત મંદોને વાર તહેવારે દાન આપે છે. ધાન દાનની સરવાણી રૂપ સેવાકાર્યના 36 પુરા કરીને વર્તમાન વર્ષે 37મા વર્ષે પણ પૂણ્ય કાર્ય યથાવત રહ્યું છે . દિવાળીના તહેવારોમાં ગરીબના ઘરમાં બાળકોની ખુશી જોઈને વૃદ્ધાશ્રમના વડીલો સંચાલકો ધન્યતા અનુભવે છે.

**60 વર્ષથી ઉપરના જરૂરિયાત મંદોને ધાન દાન ની કીટનુ વિતરણ થાય છે**

આ અંગે આશ્રમના પ્રમુખ ચંદ્રવદન શાંતિલાલ શાહ દ્વારા પ્રતિભાવ આપતા જણાવાયુ હતુ કે વર્ષ દરમિયાન બે કરોડ કરતાં વધુ રકમનો ખર્ચ કરીને જરૂરીયાત મંદોને ધાન દાન આપવામાં આવે છે. ધાન દાન જરૂરિયાત મંદોને દાન કરતું અશકત આશ્રમ છે . છેલ્લા 37 વર્ષથી 60 વર્ષથી ઉપરના જરૂરિયાત મંદોને ધાન દાન ની કીટ આપવામાં આવે છે . જેમાં દાળ ચોખા તેલ ફરસાણ મીઠાઈ હળદર મીઠું મરચું ધાણાજીરૂ સહિત ઘણું બધી ચીજવસ્તુઓ વસ્તુઓ આપવામાં આવે છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225